ઓચ્છવલાલ કરતાં ચંદ્રિકા બે-ત્રણ ઇંચ ઊંચી હશે એ કારણે, કે ગમે તેમ પણ ઓચ્છવલાલને ઘરમાં રહેવું બહુ ગમતું નહીં. રવિવારે પણ શેઠને બંગલે અચૂક જઈ આવતો અને શેઠને કામ ન હોય તો શેઠાણીના આંટાફેરા ખાઈ આવતો. માણેકબાને પણ આ સીધોસાદો મહેતાજી બહુ પસંદ હતો. એક રવિવારે ન દેખાય તો બીજે રવિવારે માણેકબા ગુણવંતરાય શેઠને પૂછવાનાં જ : "કહું છું, આ ઓચ્છવલાલ કેમ હમણાંના દેખાતા નથી?"

"કેમ, કંઈ કામ હતું?"

"ના, ના, કામ તો શું, આ નોકરોનાં કપડાં લેવા જવું હતું."

"હવે તમે ક્યાં સુધી આ લપ કર્યા કરશો? ઘરમાં બબ્બે વહુઓ આવી તોયે કોને ખબર... બૈરાંઓની જાત જ એવી!"

માણેકબા બહુ ભણેલાં નહોતાં એટલે હસીને કહેતાં, "એ તમે ન સમજો." નહીંતર જરૂર કહી શક્યાં હોત – બબ્બે છોકરાઓ મોટા થયા તોયે તમે ધંધોધાપો સોંપ્યો છે?

પણ ગુણવંતરાય શેઠે બંને દીકરાઓ માટે બે જુદી ચમકદાર કૅબિનો બંધાવી હતી તો ખરી. છેલ્લાં ત્રણ વરસનો વધારો ક્યાં નાખવો એની મોટી મૂંઝવણ થઈ પડી હતી, એટલે પછી કાન્તિ રણછોડના મિસ્ત્રીને ફોડીને એના કરતાંયે સવાયા ઠાઠથી ઑફિસ સજાવવાનું નક્કી કર્યું હતું. મિસ્ત્રીનો મોટો જમાઈ ઇન્ટિરિયર ડેકોરેટર થયો હતો એટલે પછી કાળા કાચ પર બીજી એબીસીડીમાં બંને છોકરાઓનાં નામ ઝીણા અક્ષરે લખાઈ ગયાં હતાં અને અંદર ત્રણ ઇંચ ઊંચા ગાલીચા પર વાંકુંચૂકું ફર્નિચર પણ ગોઠવાઈ ગયું હતું. રંગીન ટેલિફોન અને ઇન્ટરકૉમ મશીન પણ નંખાઈ ગયાં હતાં. બંને જણ માટે જુદી જુદી સેક્રેટરીઓ રાખવાનું તો જોકે શેઠે પોતે જ નક્કી કર્યું હતું. પોતાનાં ઘણાં વર્ષોનાં અરમાન આ રીતે પૂરાં થયાનો સંતોષ માની લેવાનો, બીજું શું? બાકી આ ઉંમરે

પોતાનાથી કંઈ જુવાન દેખાવડી બાઈઓને ટાઇપિસ્ટ કે સેક્રેટરી તરીકે રખાય નહીં. એમની સાથે વાત કરતાંય ન ફાવે. કામ કરાવતાં તો સહેજે ન ફાવે.

કામ તો ઓચ્છવલાલ જેવું કોઈનું નહીં. ઑફિસ બંધ થવાને ટાઇમે પણ બોલાવીને નવું કામ સોંપો તો રાજી રાજી થઈ જાય. પાછો કરે પણ ચોક્સાઈથી. માણસ લાખ રૂપિયાનો હતો. એટલે જ માણેક શેઠાણી એને અવારનવાર બંગલાનું કામ બતાવતાં ને નાનીમોટી ચીજ આપ્યા કરતાં તે શેઠ જોયું ન જોયું કરતા ને?

બાકી એમનો સિદ્ધાંત હતો કે બનતા લગી કોઈને વધારાની પાઈ પણ પરખાવવી નહીં. તેથી જ આ છેલ્લાં થોડાં વરસમાં ધનના ઢગલા થયા હતા. છોકરાઓ તો ઠીક હવે – આ આટઆટલી સગવડ કરી આપી તોય ક્યાં ઑફિસે આવતા હતા? મોટો અશોક એના ભાઈબંધો સાથે કશેક બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના ઉધમાતમાં પડ્યો હતો તે બનતા લગી એની વહુ નયના સુવાવડ ખાઈને પિયરથી પાછી આવશે ત્યાં લગી માથાફોડ કરશે, પછી બધું હરિ હરિ! સુખવાસી જીવ હતો. ગુણવંતરાય બોલાવે, બેસાડે ને ધંધાની આંટીઘૂંટી સમજાવે તો વિવેકથી બેસે ખરો, પણ પછી બધું જાણે બતકની પીઠ પર પાણી.

ને નાના પ્રદીપને તો પકડવો જ મુશ્કેલ. કોઈ પણ પિક્ચર ગમે એટલી વાર એ જોઈ શકતો. એની વહુ મયૂરી એની સાથે જવા હંમેશ તૈયાર. છોકરુંછૈયું હતું નહીં એટલે ઘર બાને અને ઑફિસ બાપાને ભળાવીને બેય જણ આખો વખત ફર્યાં કરતાં. એને માટે રાખેલી સેક્રેટરીને સિનેમાની ટિકિટો મંગાવવાનું કામ રહેતું ખરું. બાકી મૅનિક્યોર, મૅગેઝિન અને ટેલિફોનની વાતચીતમાં જ એનો દિવસ પૂરો થતો.

આ બંને છોકરીઓ જે દિવસે ઑફિસમાં આવી તે દિવસે ઓચ્છવલાલને જરીકે ગમ્યું નહોતું. રાતે જમી લીધા પછી સૂડી વડે એકદમ ઝીણી સોપારી કાતરતાં એણે ચંદ્રિકાને કહ્યું હતું, "એક ખ્રિસ્તી અને બીજી પારસી. બંને ફ્રાકો પહેરે છે. પાછાં બેયને માટે નવાં ટેબલખુરશી ને ટાઇપરાઇટરો... ઘંટડી દબાવે ને પ્યુન હાજર થઈ જાય!..."

"શેઠને ગમ્યું તે ખરું."

"પણ આ તો જાણે શેઠનીયે શેઠ!"

"હશે હવે, કાજી ક્યૂં દૂબળા? તો કે સારે ગાંવ કી ફિકર. તમારે શું? તમને કોઈ પૂછે છે? આ આટલાં વરસ કામ કરી કરીને માથે ટાલ પડી તોય તમારી

કોઈ દહાડો કિંમત થઈ? એટલેથી સમજી જાઓ ને બેસો છાનામાના!" ચંદ્રિકાએ સળી વડે દાંત ખોતરતાં ખોતરતાં જવાબ આપ્યો. એના દાંત પીળા, વાંકાચૂકા અને વચ્ચે વચ્ચેથી પડી ગયેલા હતા. ઓચ્છવલાલે એકાદ – બે વાર ડરતાં ડરતાં ચોકઠાં પહેરવાનું સૂચન કરી જોયેલું, પણ ચંદ્રિકાએ – "પૈસા પડે છે, ખબર છે? એક વાર રળીને આવો તો ખરા ઘરમાં?" કહીને તેને તોડી પાડ્યો હતો.

ખારા પાણીનું માછલું, ખારા પાણીમાં જ જીવે છે. એવી રીતે ઓચ્છવલાલ અપમાન, ઉપાલંભ અને મહેણાં-ટોણાંના વરસાદમાં જ જીવવા ટેવાઈ ગયો હતો. કાકાકાકીએ મોટો કરેલો તે ઋણના ભારમાંથી કાકાના છોકરાઓ તો ઠીક, એમના છોકરાઓ પણ છૂટવા દેતા નથી. "ઓચ્છવકાકા! પાંચમા ધોરણની ચોપડીઓ લઈ આવજો ને, મારા બાપુજીએ કહ્યું છે." "ઓચ્છવકાકા! મીનુને કૂતરું કરડ્યું છે, દવાખાને ઇંજેક્શન મરાવવા લઈ જવાનો છે, મારી બાએ કહેવડાવ્યું છે." "ઓચ્છવકાકા, રૅશનનું ફારમ ભરી આપજો ને, અમારે ઘેર નવો ઘાટી આવ્યો છે."

આ દરેક વખતે કાં તો ચંદ્રિકા ને કાં તો છોકરાઓ હાજર હોય જ, અને સંદેશા પૂરા થયા પછી હસે જ. માણસને ઝાળ ન લાગે? મદદ કરવાની તો ક્યાં ગઈ, ઉપરથી પાછી હસે છે! હસો ભાઈ હસો! પૂર્વજન્મનાં પુણ્ય કમાઈને આવ્યા છો તે જલસા છે તમારે. તમે નહીં હસો તો કોણ હસશે? અમે તો આ લોકોનાં દાદાદાદીનાં ગડદાપાટુ ખાઈને મોટા થયા અને આજે પણ–

ઓચ્છવલાલને જીવતો રાખવામાં એનાં કાકાકાકીએ કોઈ બહુ સારું કે વખાણવાલાયક કામ કર્યું હોય એવું ચંદ્રિકાને કે છોકરાઓને લાગતું નહોતું. છોકરાઓ તો કાયમ બીજા ભાઈબંધોના બાપાઓએ એમને માટે કેવી મશરૂની તળાઈ પાથરી રાખી છે એનો એક દાખલો ચીંધી બતાવવાનું ચૂકતા નહીં. ઓચ્છવલાલને જવાબ તો ઘણા સૂઝતા હતા, પણ બોલવામાં માલ નથી એવું એ ક્યારનો સમજી ગયો હતો. એટલે પછી લાખ દુઃખોની એકમાત્ર રામબાણ દવા તરીકે એ ઘરમાં બહુ રહેતો જ નહીં.

પેઢીનું કામ અને તે પતી જાય ત્યાર પછી બંગલાનું કામ, એ એનો અત્યાર લગીનો જીવનક્રમ હતો. તેમાં હમણાંનો પેલી છોકરીઓ આવ્યાથી થોડો ફેરફાર થયો હતો ખરો. હવે પહેલાંની જેમ પેઢી-કમ-ઑફિસમાં બહુ વખત બેસી રહેવાનું દિલ થતું નથી. શીરીન વાડિયા અને રૂબી ફર્નાન્ડીસના રુઆબ તો હજી સહન થાય, પણ એ લોકોની નિષ્ક્રિયતા જરાય સહન થઈ શકતી નથી. મારી વહાલીઓ બેઠી બેઠી ગપાટા માર્યે જ જાય છે. ઉપરથી પાછી ઘંટડી

મારીને પટાવાળાને બોલાવે અને ફેરા દીધે રાખે તે નફામાં. ચંદ્રિકા શું ખોટું કહેતી હતી! પોતાની તો કશી કદર જ ન થઈ ને આ ઑફિસમાં છેક લગી?

કાન્તિ રણછોડના મહેતાજીને એના શેઠ આ વખતે પરદેશ પણ ભેગો લઈ જવાના છે એવી વાત બજારમાં આવી હતી. જોકે ઓચ્છવલાલ નહોતો માનતો. એવું તે એ મફતિયામાં બળ્યું'તું શું! પણ વાત કદાચ સાચીયે હોય કાન્તિ રણછોડ ભલે ને ગુણવંતરાય શેઠનો હરીફ હોય, માણસ હતો દિલનો દિલાવર, એની ના નહીં. મફતલાલને આમથી તેમથી દર વરસે પગાર ઉપરાંત પાંચ-દસ હજાર ખટાવી આપતો. તેથી જ જુઓને, મફતિયો બજારમાં કેવો ફાંફડેરાવ થઈને નીકળે છે! કપડાં બગલાની પાંખ જેવાં. એંશી રૂપિયાના તો બૂટ, ને ઘડિયાળ, ને બટન, મારો વહાલો દર ત્રણ ત્રણ મહિને બદલતો હશે. એ બધું કોના જોર પર!

પણ હશે, સૌ સૌનું નસીબ! પોતે આવા શેઠને જ લાયક હશે વળી. ખોટો જીવ બાળીને શો ફાયદો? આમ જુઓ તો માણેકબા કેવાં ચાર હાથ રાખે છે પોતાના પર! આ છોકરીઓ ભલે ને ઑફિસમાં ગમે એટલી હોશિયારી મારે, બંગલે આવવાનું ઇજન મળ્યું છે કોઈ વાર? જ્યારે પોતાને તો દર રવિવારે અને કામ હોય ત્યારે આડે દહાડે પણ બંગલે જવાનું એટલે જવાનું. માણેક શેઠાણી જાતે આગ્રહ કરીને કંઈનું કંઈ ખવડાવે, બજારમાં જોડે ખરીદીએ લઈ જાય અને નાનીમોટી ચીજ પોતાના ઘર સારુ પણ અપાવે. એ તો ચંદ્રિકા એવી, તે કંઈ નજરમાં ન આવે, આ આવું છે ને આ તેવું છે કહી ખૂધરાં કાઢ્યા કરે ને અંતે "આપણું તે ઘર છે કે જરીપુરાણાવાળાની દુકાન? શેઠના ઘરનો બધો કચરો ઉપાડી લાવો છો તે કોઈ દહાડો બાયડીની ચિંતા થાય છે કે બિચારી કેવી રીતે આ ઉકરડો ગોઠવશે?" કહીને ઠૂઠવો મૂકે. બાકી બીજું લાયક બૈરું મળ્યું હોત તો ન પોતાની સાથે બંગલે આવીને માણેકબાને રીઝવત?

જોકે એવી કશી જરૂર નહોતી. માણેકબા એકલા ઓચ્છવલાલને જોઈને ખુશખુશાલ થઈ જતાં. ક્યારેક નવરાશ હોય ત્યારે વાતવાતમાં વહુ-દીકરાની ફરિયાદ પણ કરી નાખતાં અને ઓચ્છવલાલે એની સાદી રીતે આપેલું આશ્વાસન સ્વીકારતાંયે ખરાં. એવે વખતે ઓચ્છવલાલને સ્વર્ગ બે વેંત જ છેટું લાગતું. પેલી બે છોકરીઓની વાત કરવા સળવળી રહેલી જીભ મહામહેનતે ઠેકાણે રાખવી પડતી, કારણ કે માણેકબા સ્વપ્નમાંયે ગુણવંતરાય શેઠની વિરુદ્ધ કંઈ સાંભળે જ નહીં, એની એને ખાતરી હતી. ખરું જોતાં પોતે પણ એક વફાદાર મહેતાજી તરીકે શેઠમાં એવો જ આંધળો ભરોસો રાખવો જોઈએ, પણ પેલી

છોકરીઓ આવી હતી ત્યારથી ઓચ્છવલાલનું મન જરા ખાટું થઈ ગયું હતું. બિચારાં માણેકબાને કહેવાથી ફાયદો પણ શો? એમનો જીવ બળે તો બેને બદલે ચાર ડઝન કેરીઓ અપાવે કે હૅન્ડલૂમના ધોતીજોટાને બદલે મિલનો ધોતીજોટો આપી દે. એથી વધારે એમનું ગજું કેટલું?

એટલે પછી ઓચ્છવલાલે ચૂપ રહેવાનું જ નક્કી કર્યું હતું. જે દહાડે શીરીન બાંય વગરનાં કપડાં પહેરીને આવે તે દહાડે આજુબાજુના શેઠિયાઓના ગુમાસ્તાઓના આંટાફેરા વધી જતા અને કાન્તિ રણછોડનો મફતિયો તો ધરાર ચા પીવા રોકાઈ જતો એ બધું ઓચ્છવલાલના ધ્યાન બહાર નહોતું, પણ થાય શું? ઇલાજ નહોતો ત્યાં!

એમાં પાછા અશોક શેઠ ગમે ત્યારે આવીને લાપસીલોચાવાળાં કાગળિયાં આપી જતા. "ઓચ્છવલાલ, જરા આટલો હિસાબ તૈયાર કરી નાખજો ને! મને પરમ દિવસે ઑડિટરે બોલાવ્યો છે." આટલું કહીને એ તો છૂટી જતા, પણ પછી ઓચ્છવલાલનું શું?

જોકે એ પ્રશ્ન વિચારવાની કોઈને જરૂર લાગતી નહીં. ઓચ્છવલાલ રાતના મોડે સુધી કાગળિયાં સાથે ગડમથલ કર્યા કરતો અને ઘેર પહોંચ્યા પછી બારણું ખોલવા ઊઠવું પડે છે તેથી ચંદ્રિકાને કેટલો ત્રાસ થાય છે અને પછી એને આખી રાત કેવી ઊંઘ નથી આવતી તે વિશેનું પ્રવચન સાંભળતો. પ્રવચનને અંતે તિરસ્કારથી પુછાતુંઃ "જમવું છે?" ઓચ્છવલાલને ઘણી વખત થતું કે ના કહી દે, પણ એ બને એવું નહોતું. એક તો એને બહાર ખાવાની ટેવ નહીં, તેમાં પાછી મોંઘવારી એટલે બપોરે ઑફિસમાં બધાની સાથે ચા પીવા મોં ખોલ્યું હોય તે જ માફ. એ મોં ના કહેવા શી રીતે ખૂલે? વધ્યુંઘટ્યું ઢાંક્યું હોય તે પોતાની મેળે ખાઈ લેવાને ઓચ્છવલાલ ટેવાયેલો હતો. અને ક્યારેક કંઈ જ ન રાખ્યું હોય ત્યારે પાણી પીને સૂઈ જવા ટેવાયેલો હતો.

ચંદ્રિકા પથારીમાંથી ઘૂરકતી, "કંઈ કરી આપું?" અને ઓચ્છવલાલ આપોઆપ જ જવાબ દેતોઃ "ના, કશી જરૂર નથી."

"સારી પેઠે જલસા ઉડાવીને આવ્યા હશો, પછી શાની ભૂખ લાગે? કોઈ દહાડો બાયડી યાદ આવે છે કે બાયડી રસોડું પકડીને બેસી રહી હશે, તે લાવ વેળાસર ઘરે જઈએ?" ચંદ્રિકા બબડતી ફફડતી સૂઈ જતી અને ઓચ્છવલાલ આવતી કાલે સવારે શું શું કરવાનું છે તે યાદ કરતો પાસાં ફેરવ્યા કરતો, કારણ સવાર તો હંમેશાં પડતી જ. ઓચ્છવલાલની જિંદગીમાં એ એક મોટામાં મોટી તકલીફ હતી.

રૂબી શરીરને ખુલ્લું દેખાડવા કરતાં ઘાટદાર દેખાડવામાં વધારે માનતી હતી. એટલે અશોક શેઠ ક્યારે મળશે અને રસીદ વાઉચર કશું આપી ગયા છે કે કેમ એ પૂછવા એની પાસે જતાં ઓચ્છવલાલને કાયમ પરસેવો વળી જતો. એમ તો પોતાનેય બે દીકરા ક્યાં નહોતા થયા? પણ આ તો વાત જ જુદી. તમારી આંખો જાણે કે પરાણે ખોડાઈ જાય. પાસે આવે ત્યારે તો રૂંવાડાં ઊભાં થઈ જાય. ને એની સાથેનું કામ પતાવીને પાછા પોતાની જગ્યાએ જાઓ ત્યારે બધા માણસો ગળાં ખોંખારે ને બૅન્ક લૂંટીને આવ્યા હો એ રીતે તમારી સામે જુએ તે નફામાં.

ઓચ્છવલાલને આ બધું જરાય ગમતું નહીં. ચંદ્રિકા ગમે એટલી લઢકણી હોય છતાંય એના સિવાય બીજી કોઈ બાઈનો એણે એ રીતે વિચાર કર્યો જ નહોતો. ન એ સિનેમા જોતો, ન નાટક. રસ્તે ચાલતાં જાહેરખબરનાં પાટિયાં પર ચીતરેલી બાઈઓ જોવાઈ જાય ત્યારે એને પોતે જ કંઈક ખોટું કર્યું છે એવી લાગણી થતી – શરૂ શરૂમાં. પછી તો એનાં એ પાટિયાં રોજ જોવાનાં એટલે કંઈ વિચાર જ ન આવતો, પણ આ કંઈ પાટિયું નહોતું. જીવતુંજાગતું માણસ... જરાક બેધ્યાન રહ્યા તો તમારી સાથે ઘસાઈને ચાલ્યું જાય એવું!

પણ આ મૂંઝવણ કહેવી કોને? ઑફિસમાં તો બોલાય એવું હતું જ નહીં. ઘરમાં પણ એમ જ. ને ભૂલેચૂકે બજારમાં વાત બહાર પડી ને મફતિયા જેવાના હાથમાં આવી ગઈ તો તો પછી જુઓ મજા. માણસનાં ફાડીને ચીંથરાં ઉડાડી દે આ ચોવટિયાઓ. એટલે આમાં ચૂપ રહ્યા સિવાય આરો નહોતો. ભલે રૂબી ફાવે એવાં કપડાં પહેરતી, એમાં ઓચ્છવલાલને ક્યાં નાહવાનિચોવવાનું હતું?

એ દિવસ ઊગ્યો હતો જ વિચિત્ર. અરે, ઊગવા પહેલેથી જ એનાં પગરણ મંડાઈ ચૂક્યાં હતાં એમ કહો ને! રાતે શિરીષે ધાંધલ મચાવ્યું હતું. એસ.એસ. સી. ફેલ થયા પછી એના હાથમાં આ સત્તાવીસમો ધંધો આવ્યો હતો અને આ અગાઉના છવ્વીસ ધંધાઓની જેમ જ આ પણ મૂડીના અભાવે જ નિષ્ફળ જવાનો હતો એની એને ખાતરી હતી. ચંદ્રિકા એને દુઃખે દુઃખી થતી ઓચ્છવલાલને માથે પસ્તાળ પાડવા માંડી હતી.

“છોકરાને એક દસ હજાર રૂપિયા આપી નથી શકતા તો તમે જિંદગીમાં કર્યું જ શું? બાપડો ઘડી ઘડી તો માગવા નથી આવતો ને! બીજો બાપ હોય તો હરખાઈ જાય કે વાહ, મારો દીકરો ધંધો કરે છે! આ તો જ્યારે હોય ત્યારે ઠંડું પાણી જ નાખવાના.